## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આપણાં દેશમાં કોરોના કાંઈ બગાડી શકવાનો નથી... જો, ભારતમાં એકવીસની સાલના પહેલા દિવસે સાઈઠ હજાર બાળકો જન્મ્યા છે...!!**

# વર્ષ દરમિયાન ફાયર વિભાગને શહેર જિલ્લામાંથી ૧૪૫ ફાયર કોલ મળ્યા

### હેલીપેડ, વિધાનસભા સહિત શહેર-જિલ્લામાં મળીને કુલ ૩૮૦ બંદોબસ્ત કર્યા, જયારે વર્ષ દરમિયાન ફાયર તંત્રને ૨૦૭ બચાવ કોલ આવ્યા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર ફાયર બ્રિગેડે વર્ષ દરમિયાન આગ બુઝાવવાની સાથે સાથે નાગરીકોને બચાવવાની પણ ઉમદા કામગીરી કરી છે. તે ઉપરાંત શહેર-જિલ્લામાં મોટા કાર્યક્રમો, વીઆઈપી ગતિવિધી, વિધાનસભા, હેલીપેડ સહિતની જગ્યા પર ફાયર વિભાગની ટીમ ખડે પગે જોવા મળે છે. ગમે તેવી આકસ્મિક પરિસ્થિતિને કાબુમા કરવા માટે ફાયરવિભાગ હર હંમેશ તૈયાર હોય છે. ફાયર વિભાગે વર્ષ ૨૦૨૦માં ૩૮૦ બંદોબસ્ત કર્યા છે. જેમાં શહેરમાં ૧૪૩, જિલ્લામાં ૧૧૭, હેલીપેડ ખાતે ૯૬ તેમજ વિધાનસભામાં ૨૪ બંદોબસ્ત ફાયર વિભાગ દ્વારા કરાયા છે. જેમાં ફેબુઆરી માસમાં સૌથી વધુ ૧૦૭ અને લોકડાઉનને પગલે એપ્રિલમાં એક પણ બંદોબસ્ત કરવામાં આવ્યો નથી.જયારે મે માસમાં માત્ર એક બંદોબસ્ત કરાયો છે. જુન માસમાં ૧૦, ઓગસ્ટમાં ૧૨, અને જુલાઈમાં ૧૬ બંદોબસ્ત કરાયા છે. જયારે ફાયર વિભાગે જાન્યુઆરીમાં ૮૦, માર્ચમાં ૩૨, સપ્ટેમ્બમાં ૨૧, ઓકટોબરમાં અને નવેમ્બરમાં ૩૬ અને ડિસેમ્બરમાં ૨૯ બંદોબસ્ત ફાયર વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે. ત્યારે કોરોનાના કેસ આવતા જ ફાયર વિભાગની કામગીરી વધી જવા પામી હતી. જેમાં કોરોના પોઝીટીવ દર્દીઓના ઘરે સેનેટાઈઝ કરવા માટે જતા હતા. જયારે વર્ષ-૨૦૨૦ દરમિયાન ફાયર વિભાગને ગાંધીનગર શહેર-જિલ્લામાં ૧૪૫ ફાયરના કોલ મળ્યા છે. જેમાં શહેરી વિસ્તારમાં ૮૮ અને જિલ્લામાં ૫૩ ફાયર કોલ મળ્યા છે. જેમાં મે માસમાં સૌથી વધુ ૨૧ અને જુલાઈમાં સૌથી ઓછા ૬ ફાયર કોલ તંત્રને મળ્યા છે. તેવી જ રીતે વર્ષ દરમિયાન ફાયર વિભાગને ૨૦૭ બચાવ કોલ મળ્યા છે. જેમાં શહેરમાં ૧૦૬ અને ૧૦૧ જિલ્લામાંથી બચાવ કોલ મળ્યા છે. ફાયર વિભાગને જુન અને ઓગસ્ટ માસમાં સૌથી વધુ ૨૪-૨૪ બચાવ કોલ મળ્યા છે. જયારે સૌથી ઓછા બચાવ કોલ એપ્રિલમાં ૭ અને મે માં ૯ બચાવ કોલ મળ્યા છે. ત્યારે ફાયર વિભાગના જવાનો બચાવ, ફાયર અને બંદોબસ્તની કામગીરીમાં સતત વ્યસત જોવા મળ્યા છે.

# સુઘડ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા ડમ્પરની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨

અષ્ટ વિનાયક અપટાઉન સુઘડ ખુલ્લા કેમ્પસમાં મુકેલા ડમ્પરની ચોરી થવા પામી છે. તા.૨૫ થી તા.૩૧ દરમિયાન કોઈ ચોર ઈસમ રૂ.૮ લાખની કિંમતનું ડમ્પર લઈ છુમંતર થઈ ગયો છે. અડાલજ પોલીસ મથકે જીતેશ ઓડે ફરીયાદ નોંધાવતા પોલીસે ડમ્પર શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

જીતેશ ઓડ (ઉં.૩૬ રહે. એ-૨૯ શ્યામપુજા ડુપ્લેક્ષ વિભાગ-૦૧ કિરણ મોટર્સની પાછળ મોટેરા અમદાવાદ) ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. ફરીયાદીના પિતાજીના નામે જી.જે.૦૧.બી.વાય-૫૫૯૦ નંબરનું ડમ્પર અને અન્ય બીજા પાંચ ડમ્પર છે. તમામ ડમ્પર અષ્ટ વિનાયક અપટાઉન સુઘડ ખુલ્લા કેમ્પસ ખાતે ડમ્પર મુકવામાં આવે છે. જી.જે.૦૧.બી.વાય -૫૫૯૦ ડમ્પર પણ તા.૨૫ થી ૩૧ ડિસેમ્બર દરમિયાન ત્યાં જ પાર્ક કરેલું હતું. તા.૩૧ ના રોજ ફરીયાદી ઘરે હાજર હતા તે સમયે તેમના મોબાઈલ પર તેમના ભાઈનો ફોન આવ્યો હતો અને ખુલ્લા કેમ્પસમાં મુકેલ ડમ્બર જી.જે.૦૧.બી.વાય-૫૫૯૦ નંબરનું નથી. જેથી ફરીયાદી પણ તાત્કાલીક ગયા હતા પરંતુ ડમ્પર હતુ નહી. જેથી ફરીયાદીએ ડમ્પર ની શોધખોળ પોતાની રીતે કરી હતી પરંતુ મળી ન આવતા અડાલજ પોલીસ મથકે રૂ.૮ લાખના ડમ્પર ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.



મકરસંક્રાંતિ એટલે ઠંડીની સીઝનમાં અબોલ જીવોને પૌષ્ટિક ખોરાક ખવડાવી તેમને વિષમ વાતાવરણ સામે લડવા મજબૂત કરવા સાથે પુણ્ય કમાવાની તક આપતો તહેવાર. સમગ્ર પોષ મહિનમાં શ્વાન, બિલાડી, ગાય વગેરે સહિત પક્ષીઓને પણ ખવડાવવાનો ઉપક્રમ ઠેર ઠેર હાથ ધરવામાં આવે છે. શહેરના સેકટર-૫-સીની મહિલાઓ દ્વારા શ્વાન માટે લાડવા બનાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક મહિલાઓએ હોંશે હોંશે ભાગ લીધો હતો.

## પંચમહાલમાં ૭૦૫ કરોડના કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પંચમહાલના નાગરિકોને રૂ. ૭૦૫ કરોડના વિકાસ કામોની ભેટ આપતા જણાવ્યું છે કે, રાજ્યમાં પાણીની સમસ્યાને ભૂતકાળ બનાવવા માટે સરકાર દ્વારા પાણી પુરવઠા અને સિંચાઈની વ્યાપક યોજનાઓ બનાવી તેનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્યમાં ૧ લાખ કિ.મી. લાંબી પાઈપલાઈન વિતરણ નેટવર્કથી રાજ્યમાં છેવાડાના વિસ્તારો સુધી શુદ્ધ પાણી પહોંચાડયું છે. તેમણે ઉમેર્યુ કે, નર્મદા, ઊકાઈ, કડાણા, પાનમ અને મહી જેવી મોટી નદીઓ આધારિત યોજનાઓથી આપણે ગુજરાતમાં પાણીની અછત દૂર કરી છે.ગુજરાતે ગેસગ્રીડ અને વીજગ્રીડ જેમ વોટરગ્રીડ નેટવર્કની આગવી દિશા અપનાવી છે, એમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી રૂપાણીએ પંચમહાલ સાજીવાવ ખાતે ખાતમુહૂર્ત કરી શહેરા તાલુકાના મહેલાણા ખાતે યોજાયેલી એક સભાને સંબોધિત કરતા કહ્યું કે, છેલ્લા એક જ પખવાડિયામાં રાજ્યમાં રૂ. ૪ હજાર કરોડની પાણી પુરવઠાની વિવિધ યોજનાઓના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નલ સે જલ યોજનાને સાકાર કરવા માટે રાજ્ય સરકાર પ્રતિ માસ એક લાખ ઘરને નળ જોડણા આપવાના લક્ષ્યાંક સાથે કામ કરી રહી છે અને અત્યાર સુધીમાં ગ્રામ્ય વિસ્તારોમાં ૮૨ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.




શહેરમાં પ્રાઈવેટ જાહેરાતોના બોર્ડના હોર્ડિંગ્સ દિવસેને દિવસે વધતા જઈ રહ્યા છે અને અમુક સર્કલ પાસે તે નડતર રૂપ બને છે. સે-૬, ઘ રોડ પાસે જાહેરાતનું હોર્ડિંગ બોર્ડ આવતા જતા વાહનચાલકોને નડતરરૂપ બને તે રીતે લગાવવામાં આવ્યું છે.

# જિલ્લા સંચારી રોગ તથા તમાકુ નિયંત્રણ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા કલેકટર ર્ડા. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને માતા-બાળ મરણ, ડીસ્ટ્રીક ટાસ્ક ફોર્સ ઈમ્યુનાઈઝેશન, કિશોરી સ્વાસ્થ્ય સમિતીની, ક્વૉલીટી એશ્યોરન્સ કમીટી, સંચારી રોગ તથા તમાકુ નિયંત્રણ કમિટીની બેઠક જિલ્લા સેવાસદન, ગાંધીનગર ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શાલીની દુહાન પણ ઉપસ્થિત રહ્યાં હતા.

આ બેઠકમાં જિલ્લા કલેકટર કુલદીપ આર્ય દ્વારા જિલ્લામાં માતા બાળ મરણમાં ઘટાડવા માટે રેફરલ સર્વિસ વધુ સઘન થાય તેવું ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે ફેસિલટી મેપિંગ, રેફરલ કોલિંગ અને વોટ્સએપ ગ્રૃપ બનાવવામાં આવ્યું છે. તેમાં ફેસિલિટીના ઈન્ચાર્જ દ્વારા રિફર કરેલ જોખમી કેસની વિગતો આપવામાં આવે તેવું પણ ઉમર્યુ હતું.

કલેકટર દ્વારા ઉપસ્થિત અધિકારીઓ સાથે કોવિડ-૧૯ વેકસીનેશન અંતર્ગત આયોજનની વિગતવાર ચર્ચા કરવામાં આવી. તેમજ તાલુકાકક્ષાએ સેશન સાઈટ મુજબ કર્મચારીઓનો પ્લાનીંગ પ્રાંત અધિકારી સાથે બેસી આયોજન કરવા પણ જણાવવામાં આવ્યું હતું. કોરોના અંતર્ગતની કામગીરીને સઘન બનાવવા સૂચના પણ આપવામાં આવી હતી. કિશોર સ્વાસ્થ્ય સમિતિ અંતર્ગત એનિમિયાની નવી આવેલ ગાઈડલાઈન મુજબ તાલુકાકક્ષાએ અને પ્રા.આ. કેન્દ્ર કક્ષાએ ફિલ્ડ સ્ટાફને ખબર છે કે કેમ? તેની ટેલિફોનિક ક્રોસ વેરિફિકેશન કરવા કલેકટર દ્વારા સંબંધિત અધિકારીને સૂચના આપવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારી શાલિની દુહાને કાયાકલ્પ અને દ્રઊછજી પ્રોગ્રામ અંતર્ગત દરેક ફેસીલીટીની એસેસમેન્ટ કામગીરી પુરી કરવા જણાવવામાં આવ્યું. જિલ્લામાં આવેલ પ્રાઈવેટ યુનિટોમાંથી જે યુનિટો આઈ.ડી.એસ.પી. ખાતે પોતાનો રીપોર્ટ મોકલી આપતા નથી તેવા યુનિટોનો રીપોર્ટીંગ યુનિટ તરીકે સમાવેશ કરવા સંબંધિત અધિકારીને સૂચના આપી હતી.

## ખૂણેખાંચરેથી

- દહેગામ તાલુકાના ૧૦ ગામોમાં નવેમ્બર અંતિત ૧૦ ટકા જ વેરા વસુલાત નોંધાતા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ સંબંધિત તલાટીઓને નોટીસ આપી વસુલાત પર ધ્યાન કેન્દ્રીત કરવા જણાવ્યું છે.
- ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકનો ચાર્જ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી જીતેન્દ્રભાઈ વદરને સોંપવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસો ૨૦થી પણ ઓછા નોંધાયા છે.
- પંચાયતોની આવી રહેલી ચૂંટણીને ધ્યાને રાખી આજે જિલ્લાના આગેવાનોની બેઠક સે-૨૨ ખાતે મળી હતી.
- શહેરમાં સવારે ધુમ્મસભર્યા વાતાવરણને લઈ આજે જિલ્લાવાસીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.
- સચિવાલયમાં નવા વર્ષના બજેટના કદને લઈ અધિકારીઓ વચ્ચે બેઠકોનો દોર સતત ચાલી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે આરોગ્ય તંત્રની પાંચ જેટલી સમીક્ષા બેઠકો યોજાઈ હતી.
- ગાંધીનગર શહેરમાં માસ્ક ન પહેરવા બદલ આજે એક જ દિવસમાં રૂ. ૨૫ હજારનો દંડ વસુલવામાં આવ્યો છે.
- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભ્ય સચિવને કોરોના પોઝીટીવ આવ્યો છે.

## કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને કંઈ ન મળ્યું છોટુ વસાવા

વડોદરા,તા.૨

ગુજરાતમાં ચૂંટણી લડવા માટે અસુદીન ઓવૈસીની પાર્ટીએ વસાવા બંધુઓ સાથે હાથ મિલાવ્યા છે. આવતા મહિને ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી જાહેર થાય એ પહેલાં ગુજરાતમાં નવી રાજકીય પાર્ટીની એન્ટ્રી થઈ છે. આજે ગુજરાતમાં અસદુદીન ઓવૈસીની પાર્ટી એઆઈએમઆઈએમ અને છોટુ વસાવાની પાર્ટીનું ગઠબંધન થયું છે અને આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સાથે મળીને લડશે તેવી જાહેરાત છોટુ વસાવાએ કરી છે. ત્યારે આ વચ્ચે આજે છોટુ વસાવાએ ખાસ વાતચીતમાં જણાવ્યું કે, સમગ્ર રાજયમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બંને પાર્ટીઓ સાથે મળીને લડીશું. બીટીપી અને એઆઈએમઆઈએમએ ગઠબંધન કર્યું. ભાજપ અને કોંગ્રેસથી દુઃખી લોકો અમારા સાથે જોડાશે. ભાજપ અને કોંગ્રેસ બંને એકબીજાની બી ટીમ છે. વિધાનસભા અને લોકસભાની ચૂંટણી પણ લડીશું. ભાજપ અને કોંગ્રેસ બંને શાસનમાં નહિ હોય તો પરિવર્તન આવશે, લોકો સુખી થઈ જશે. કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને અમને કંઈ જ ન મળ્યું. અમારા અધિકાર દેશમાં નથી મળી રહ્યાં. તો બીજી તરફ, બીટીપીના કાર્યકરોએ આજે ઝાડેશ્વર ચોકડી પર એઆઈએમઆઈએમના સાંસદ ઈમ્તિયાઝ ઝલીલ અને પૂર્વ ધારાસભ્ય વારિશ પઠાણનું સ્વાગત કર્યું હતું. કાર્યકરોએ 'છોટુભાઈ વસાવા અને બીટીએસ જિંદાબાદદ્વના નારા લગાવ્યા હતા. જેના બાદ છોટુ વસાવાના નિવાસસ્થાને એઆઈએમઆઈએમના સાંસદ અને છોટુ વસાવાની વચ્ચે મળી હતી. મોટી સંખ્યામાં બીટીપીના કાર્યકર્તાઓ અહીં હાજર જોવા મળ્યાં. તો સાંસદ ઈમ્તિયાઝ ઝલીલે મીડિયા સામે કહ્યું કે, ભાજપ અને કોંગ્રેસથી નારાજ વ્યક્તિઓ માટે અમારા દરવાજા ખુલ્લા છે. છોટુ વસાવા અને મહેશ વસાવાને અમે હૈદરાબાદ આવવા નિમંત્રણ આપ્યું છે. ગુજરાતમાંથી ભાજપ અને કોંગ્રેસ બંનેને મુક્ત કરવામાં આવશે. અમારા માટે ગર્વની વાત છે કે, છોટુ વસાવા સાથે અમે ગઠબંધન કર્યું. છોટુ વસાવાએ રાજનીતિ ઓછી કરી, અને સેવા વધુ કરી છે. આ ગઠબંધનથી લોકોમાં ઉત્સાહ છે.

# કોરોનાના નવા સ્ટ્રેનનો ગુજરાતમાં પગ પેસારો

### અમદાવાદમાં ચાર દર્દી એસ.વી.પી. હોસ્પિટલમાં દાખલ કરાયા : કોરોના વાયરસના નવા સ્ટ્રેનના આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લઇ પુના લેબ ખાતે મોકલાયા : ૧૫ના રિપોર્ટ હજુ બાકી

અમદાવાદ,તા.૨

બ્રિટનમાં આવેલા કોરોના વાયરસના નવા સ્ટ્રેને ધીરે ધીરે ભારતમાં પગપેસારો કરી દીધો છે. દેશમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનના અત્યાર સુધીમાં અનેક કેસ સામે આવી ચૂક્યા છે. આ બધા વચ્ચે હવે અમદાવાદમાં પણ બ્રિટનના નવા સ્ટ્રેનની એન્ટ્રીના સમાચાર સામે આવી રહ્યાં છે. લંડનથી અમદાવાદ આવેલા અને કોરોના પોઝિટિવ દર્દીઓમાં લંડન સ્ટ્રેન જોવા મળ્યો છે. હાલ આ ચારેવ દર્દીઓને શહેરની એસવીપી હૉસ્પિટલમાં રાખવામાં આવ્યાં છે. ૨૩ તારીખે ૧૭૫ મુસાફરો લંડનથી અમદાવાદ આવ્યાં હતા. અન્ય ૬ દર્દીઓનાં આ ટેસ્ટનો રિપોર્ટ પુણે લોબોરેટરીથી આવવાનાં બાકી છે. તે બાદ જ પિસ્થિતિ વધારે સ્પષ્ટ બનશે કે તેઓ પણ આ નવા સ્ટ્રેનથી સંક્રમિત છે કે નહીં. બ્રિટનથી રાજકોટ આવેલા યુવાનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. શહેરના અમીનમાર્ગ પર પંચવટી સોસાયટીમાં રહેતા ૩૧ વર્ષીય હિત ઠક્કરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ગત ૧૫ ડિસેમ્બરના રોજ હિત ઈંગ્લેન્ડથી પરત રાજકોટ આવ્યો હતો. કોરોનાના નવા સ્ટ્રેનના આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લઈ પુના લેબ ખાતે મોકલવામાં આવ્યા છે. પરિવારના સભ્યોના પણ સેમ્પલ મેળવી ટેસ્ટ કરવામાં આવશે. નવા સ્ટ્રેનની શંકા આધારે સેમ્પલ પુના મોકલવામાં આવ્યો છે. બ્રિટનનો નવો કોરોના સ્ટ્રેન અંગે દિલ્હી એમ્સના ડાયરેક્ટર ડોક્ટર રણદીપ ગુલેરિયાએ નવા સ્ટ્રેન વિશે કહ્યું હતું કે, તે ખુબ જ ચેપી છે અને તેનાથી આપણે વધારે સાવધાની વર્તવાની જરૂર છે. ત્યારબાદ હવે અમદાવાદ સિવિલ હૉસ્પિટલના આસિ. સુપરિટેન્ડન્ટ ડૉ. રાકેશ જોશીએ નવા સ્ટ્રેન વિશે એક નિવેદન આપ્યું છે. જેમા જણાવ્યું હતું કે, બ્રિટનનો કોરોના નવો સ્ટ્રેન ખુબ જ ઘાતક છે. કોરોનાના વાયરસ કરતા પણ નવા સ્ટ્રેનની તકેદારી ખૂબ જરૂરી છે. કોરોના મ્યુટેશનમા થયેલા ફેરફારના લીધે વધુ ચિંતાજનક લાગી રહ્યું છે. નવા સ્ટ્રેન પર સરકાર અને ડૉકટરોની પણ નજર છે. સ્ટ્રેનના લીધે તકેદારીના પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. જેના કારણે દરેક લોકોને સતર્કતા રાખવા માટે જણાવવામાં આવ્યું છે. શુક્રવાર સાંજ સુધીના વિતેલા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના નવા ૭૩૪ કેસ નોધાયા છે. રાજ્યમાં વધુ ૩ દર્દીના મોત નિપજ્યાં છે.

દૈનિક મોતની સંખ્યા છેલ્લા ૨૫૯ દિવસમાં સૌથી ઓછી નોધાઈ છે. આ પહેલા ગત ૧૬મી એપ્રિલના રોજ રાજ્યમાં એક જ દિવસમાં બે દર્દીના મોત થયા હતા, ત્યાર બાદ બીજા દિવસે ૧૭મી એપ્રિલે અમદાવાદમાં ૪ અને રાજ્યમાં ૫ દર્દીના મોત થયા હતા. એ પછી આ આંકડો સતત વધતો રહ્યો હતો. અત્યાર સુધીમા કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૪૫,૭૨૨એ પહોચી ચુકી છે. કોરોનાના કારણે અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૪,૩૦૯ નાગરીકોએ દમ તોડયો છે.

### તમામ ખર્ચ સરકાર ભોગવશે : નાયબ મુખ્યમંત્રી

## રાજ્યના નાગરિકોને વેક્સિન મફત મળશે : નીતિન પટેલ

દેશભરમાં ચાલી રહેલા કોરોના વેક્સિનના ડ્રાય રન વચ્ચે સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને મોટી જાહેરાત કરી દીધી છે. તેમણે કહ્યું કે દેશભરમાં કોરોના વેક્સિન મફતમાં આપવામાં આવશે. ત્યારે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ રાજ્યના નાગરિકોને કોરોનાની વેક્સિન (રસી) આપવા માટે શકય હશે ત્યાં સુધી કોઈ ખર્ચ નાગરિકો પર આવવા દેવામાં આવશે નહીં અને કોરોનાની રસીનો સંપૂર્ણ ખર્ચ રાજય સરકાર ભોગવશે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સમયસરના આયોજનના પરિણામે કોરોનાની રસીને નવા વર્ષમાં મંજૂરી મળી છે અને ટૂંક સમયમાં રસી ઉપલબ્ધ થશે.

તેમણે આ વિશે વધુમાં જણાવ્યું કે ઈમરજન્સી સમયે કોઈ દવા કે વેક્સિન આપવા માટે વિશ્વમાં જે ટ્રાયલ રન થાય છે અને સફળ થયા હોય તે દુનિયાની મોટાભાગની સરકારો ઉપયોગ કરે છે. કોરોનાની રસી જેવી ઉપલબ્ધ બનશે કે તરત આ રસી રાજયના નાગરિકોને આપવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળતી કોર કમિટીની બેઠકમાં આખરી ઓપ પણ આપી દેવામાં આવ્યો છે. આ માટે રાજયના આરોગ્ય વિભાગે અન્ય વિભાગો સાથે સંકલન કરીને પ્રાથમિક તૈયારીઓ પણ પૂર્ણ કરી લીધી છે. પ્રથમ તબક્કામાં જે નાગરિકોને રસી આપવાની છે તેનું લિસ્ટ પણ તૈયાર કરી દેવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે પ્રથમ તબક્કામાં રસી આપવા માટે ગુજરાતની પસંદગી કરી છે કે જેનું મોકડ્રીલ પણ રાજયમાં કરી દેવામાં આવ્યું છે. વેક્સિન આપવા માટે આરોગ્યકર્મીઓને તાલીમ આપીને તાલીમબદ્ધ કરાયા છે.

### કોરોનાના નવા સ્ટ્રેનના કેસ બાદ રૂપાણીનું નિવેદન

# કોરોનાના નવા સ્ટ્રેનના કેસમાં તંત્ર સંપૂર્ણ સજ્જ

### કોરોના વાયરસ હવે ધીરે ધીરે અંકૂશ હેઠળ આવી રહ્યો છે અને હવે વેક્સિન ક્યારે આવે તેની રાહ જોવાઇ રહી છે

કોરોના વાયરસ હવે ધીરે ધીરે અંકૂશ હેઠળ આવી રહ્યો છે અને હવે વેક્સિન ક્યારે આવે તેની રાહ જોવાઈ રહી છે. વેક્સિનેશન પૂર્વે ડ્રાય રનનો ગુજરાતમાં પ્રારંભ થયો છે. આજે દાહોદ, વલસાડ, આણંદ જિલ્લામાં તેમજ ભાવનગર મહાનગર પાલિકામાં કોવિડ-૧૯ વેક્સિન માટે ડ્રાય રન યોજાઈ રહ્યું છે. જેમાં દાહોદમાં ઝાયડસ મેડિકલ કોલેજ, ભાવનગરમાં સર-ટી જનરલ હોસ્પિટલ, વલસાડમાં જીએમઈઆરએસ મેડિકલ કોલેજ, આણંદમાં ડિસ્ટ્રિકટ હોસ્પિટલ ખાતે તથા આ તમામ જિલ્લાઓના એક-એક શહેરી આરોગ્ય કેન્દ્ર, એક આઉટરીચ સેન્ટરમાં ડ્રાય રન યોજવામાં આવ્યું છે. ત્યારે રાજયનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોરોના રસી અંગે મહત્વનું નિવેદન આપ્યું છે. રસી અંગે સીએમ રૂપાણીએ નિવેદનમાં જણાવ્યું કે, દરેકને મફત વેકસીન મળશે. ફાઈઝર કંપનીની રસી આજે યુરોપ અને અમેરિકામાં આપણે જો રૂપિયામાં હિસાબ કરીએ તો લગભગ ત્રણ હજાર રૂપિયાની થાય છે. તેવી આ રસી લોકોને મફતમાં મળશે આ જાહેરાત આપણા માટે ખૂબ આનંદની વાત છે. ગુજરાતમાં પણ વેક્સિનેશનની કામગીરી ચાલી રહી છે. ડ્રાયરન એકવાર થઈ ચૂકી છે આજે બીજીવાર પણ ચાલી રહી છે. કેન્દ્ર સરકાર જેવી ઈશ્યુ કરશે તેમ ગુજરાતમાં પણ સિસ્ટેમેટિક બધાને રસી પ્રાપ્ત થાય તેની તૈયારી ગુજરાત સરકારે કરી દીધી છે. અમદાવાદમાં બ્રિટનનાં નવા કોરોના સ્ટ્રેનના પગપેસારા અંગે તેમણે નિવેદનમાં જણાવ્યું કે, બ્રિટનથી આવેલા બધા લોકોના આરટીપીસીઆર ટેસ્ટ કર્યા છે. એમાથી કોરોના પોઝિટિવ લોકોને અલગ આઈસોલેટ કર્યા છે તેમની અલગ ટ્રિટમેન્ટ ચાલી રહી છે. જેથી એ સ્ટ્રેનની અસર બીજાને ન પડે. રાજ્ય સરકારના નિષ્ણાત લોકો આ સ્ટ્રેનની જાગૃતતા માટે કામ કરી રહ્યાં છે. નોંધનીય છે કે, ભારતમાં કોરોના વેક્સીન ને લઈને તમામ તૈયાર પૂર્ણ કરી દેવામાં આવી છે. કોરોના વેક્સીનની તૈયારીની સમીક્ષા કરવા માટે આજે દેશભરમાં કોરોનાનો ડ્રાય રન ચાલી રહ્યો છે. આ પ્રસંગે દેશના સ્વાસ્થ્ય મંત્રી ડૉક્ટર હર્ષવર્ધને મોટી જાહેરાત કરી છે. તેમની જાહેરાત પ્રમાણે આખા દેશમાં કોરોનાની રસી મફતમાં આપવામાં આવશે. આજે કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી દેશના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૧૧૬ જિલ્લામાં ૨૫૯ જગ્યા પર કોવિડ-૧૯ અંગે ડ્રાય રનનું આયોજન થયું છે.

